No. 512

માળા   પુસ્તક ૫ મું.

બાળ સંવાદ.

લેખક:—
નાગરદાસ જે. રાવળ.

પ્રકાશક:—
બાળમિત્ર કાર્યાલય તરફથી
રતીલાલ દામજી ભટ્ટ.
વ્યવસ્થાપક બાળમિત્ર માળા—કરાંચી.

પ્રત ૧૦૦૦.   ઓગષ્ટ ૧૯૧૬.   આવૃત્તિ પહેલી.

અમદાવાદ
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું, પાંચકુવા.

મૂલ્ય વાર્ષિક ફાળે ૦–૧–૦.
છુટક સવા આનો.

અનુક્રમણિકા.

	પૃષ્ઠ.
સિધ્ધરાજ ને મીનળદેવી	૩
ભાઇ બ્હેન	૫
નાના ગામના અધિકારીઓ	૭
ચાર સહીઅરોની વાતચિત	૧૧
સિધ્ધાર્થ કુમાર અને સારથી	૧૭
બે બ્હેનો (સ્વદેશ પ્રેમ)	૨૨
વરસાદ કેમ પડે છે ?	૨૮

પ્રકાશકના બે બોલ.

બાળમિત્ર માળાનું પાંચમું પુસ્તક "બાળસંવાદ" આજે આ માળા તરફથી બહાર પડે છે. હાલમાં યુરોપી મહાયુદ્ધને લીધે કાગળના ભાવ, શાહિના ભાવ, તથા છાપખાનાના ભાવ અતિશય વધી ગયલા છે. વળી સહુથી ફોટોગ્રાફના ભાવ ઘણાજ ચડી ગયા છે. છતાં આ માળા બાળસેવા અર્થેજ બાર આના જેવા (ટુંક લવાજમમાં દર મહિને બાળ વાંચન પુરૂ પાડે છે. માટે ગ્રાહકો પ્રત્યે મ્હારી વિનંતિ છે કે, આપ ફક્ત આપના એક એક મિત્રને ગ્રાહક તરીકે લાવશો, તો આ માળાને આશ્રય મળશે અને આથી મોટા કદમાં અને ઉંચા કાગળમાં પુસ્તકો દર માસે બહાર પાડવા સમર્થ થશે.

આ પુસ્તક મારા પરમપ્રિય મિત્ર નાગરદાસ જે. રાવળે (આકિવાડા મ્યુનિસિપાલીટી ગુજરાતી સ્કુલના હેડમાસ્તર) ખાસ બાળકો માટે લખી આ માળાને સુપ્રત કર્યું છે. તો તે ભાઇશ્રીનો હું ખરા દિલથી આભાર માનું છું. અને અન્ય લેખકોને પણ આ માળા તરફ બાળકોની સેવા ખાતર, એક નાનકડું પુસ્તક લખવા વિનંતિ કરૂં છું.

વ્યવસ્થાપક.

સિદ્ધરાજ ને મીનળદેવી.

સિદ્ધરાજ—પૂજ્ય માતુશ્રી, જુનાગઢના રા' રાખેંગારને જીતીને આવેલો આ સિદ્ધરાજ આપને પ્રણામ કરે છે.

મીનળદેવી—કુશળ રહે બાપુ, પણ કહે જોઇએ અત્યારે તે રા' ક્યાં છે ?

સિદ્ધરાજ—માજી, એ શૂરાએ તો રણમાં શયન કર્યું છે.

મીનળદેવી—બાપુ, ત્યારે ઝટ કહે કે અત્યારે તેમના કુમળા પુત્રો, તેમજ રાણી ક્યાં છે ? વળી તે વીરનારીને કહે કે તું મારી બેન છે ને તારા આ પુત્રરત્નોને કેળવીને સોરઠ તો શું, પણ ગુજરાતની ગાદીને માટે તૈયાર કરવાના છે.

સિદ્ધરાજ—માતા, એ આશા ફોકટ છે. એ કુમળા બાળકોનો તો આ પાપી હાથે નાશ થયો છે.

મીનળદેવી—અરેરે, તેં મારી કુખ લજાવી છે ! હવે તે દુ:ખી રાણીની શું સ્થિતિ છે ?

સિદ્ધરાજ—(શરમાતાં શરમાતાં પરાણે) માજી, મારે પાપે એ પણ સતી થઇ છે.

મીનળદેવી—હા ! મને માલમ ન હતું કે ગુજરાતનો રાજા આવો નાદાન હશે ! અરેરે, તું આખી પ્રજા-નો તો શું પણ એક વ્યક્તિનોએ પિતા થવાને લાયક નથી. અરે, તેં વિજયના મદમાં બહુ બુરૂં કર્યું છે; પણ તને સ્મરણ નથી કે બીજાનું નિઃસં-તાન કરવું તે ' પોતાનું નિઃસંતાન થવા માટે, હા, હું જોઉં છું કે તારો વંશ વિસ્તાર કરવાના મારા સૌ યત્નો નકામા જવાના છે હા ! હું જોઉં છું કે તને અણુગમતો પુરૂષ તારી પછી ગાદીપતિ થવાનો છે ને મને લાગે છે કે તારૂં ઘર ને તારૂં સૈન્ય પણ સોરઠ પેઠે હલકાને હાથે લુંટાવાનું છે. તારૂં મોં જોવા હવે મને ઇચ્છા નથી. તું હવે અહીંથી જા. બીજા પણ સૌ અહીંથી જાઓ. મારૂં મન મુંઝાય છે ને મારૂં શરીર પણ હવે મારા હાથમાં નથી.

સિદ્ધરાજ—માતુશ્રી, માતુશ્રી, મને રજા આપો કે હું આપને મારા હાથનો ટેકો દઉં.

મીનળદેવી—હવે એવા ટેકા નકામા છે હવે નક્કી સમજો કે મારી આ છેલ્લી ઘડી છે. (મુર્છા પામે છે.)

૫

ભાઈ બ્હેન.

મોહન—બેન, બા આજ સવારની મારાપર અમથી અમથી ગુસ્સે થયા કરે છે. હવે શું કરવું ?

મણી—અમથી અમથી શું કામ ગુસ્સે થાય ? તું તેનું કહેવું સાંભળતો નથી એટલે તે ગુસ્સે થાયજ તો !

મોહન—ક્યારે મેં તેનું કહેવું ન માન્યું ? કહે જોઈએ ?

મણી—તુંજ તારી મેળે વિચાર કરી જો. તે દિવસે સાંજે તને સવિતાની અંગુઠી લાવી આપવાનું કહ્યું હતું, ત્યારે તું કેમ ન ગયો ?

મોહન—હું પતંગ ઉડાડતો હતો.

મણી—તને બા કરતાં પતંગ વધારે લાગ્યો કેમ ?

મોહન—હા. ભૂલ થઈ ખરી.

મણી—ઠીક તે વાત છોડો, કાલે નવિનને માર્યો શા માટે ?

મોહન—તેણે મારી ચોપડી શું કામ ફાડી ?

મણી—અરે પણ તે તો તારા કરતાં નાનો છે ના ! તેને બરાબર સમજાવીને કહેવાનું તારૂં કામ હતું ના ? તેને સમજાવીને કહેવું કે માર મારવો ? વળી તે

દિવસે માસ્તર સાહેબે તને સવાલ પૂછયો ને તેં તેનો ચોપડીમાં જોઈ જવાબ આપ્યો !

મોહન—પણ મને તે આવડતો નહતો. માટે ચોપડીમાં જોયું. એમાં શું. મેં કાંઇ ખરાબ કર્યું ?

મણી—જો તને આવડતું ન હતું તો તારે માસ્તરને કહેવું જોઇતું હતું કે મને આવડતું, નથી આમ માસ્તરને છેતરવા તે ઠીક કહેવાય કે ?

મોહન—હા. ખરી વાત હવે મને મારી ભૂલો સમજવામાં આવી.

મણી—હવે બા પાસે જઇ તેની ક્ષમા માગ અને કહે કે હવેથી હું આવી ભૂલો કરીશ નહિ એટલે બાનો તારાપરનો બધો ગુસ્સો ઉતરી જશે.

૭

નાનાં ગામના અધિકારીઓ.

બાલ સંવાદ.

મુખી પટેલ—ચાલો, ભાઈઓ, આજે આપણે એક નવી રમત રમીએ. ધારો કે હું આપણા ગામનો મુખી કે પટેલ છું. અને તમે સૌ ગામના જુદા જુદા અધિકારીઓ અને રૈયત છો. વારૂ, હરિભાઈ પટેલ ઓણુ સાલ પાક તો સારા થયા છે ના ?

હરિભાઈ પટેલ—હા, મુખી સાહેબ, આ વરસ તો લીલા લહેર છે. બધા પાક પૂરે પૂરા ઉતર્યા છે. સઘળા ખેડુતો રાજી રાજી થઇ ગયા છે. લ્યો, સાહેબ ? આ ભરણાના રૂપીઆ ગણી લો ને મારા ખાતામાં જમા કરો.

મુખી—વાહ, વાહ ! જ્યાં પ્રભુની દયા હોય ત્યાં ખામી શાની રહે વારૂ, ચંપકલાલ શેઠ, આપ શું કહેવા માગો છો ?

ચંપકલાલ—મુખી, અમારા લત્તામાં ઠેર ઠેર મોટા ખાડા પડેલા છે. તેમાં ખરાબ પાણી ભરાઈ રહી બહુ

વાસ મારે છે. મને ભય રહે છે. કે કદાચ કોઈ ભયંકર રોગ ફાટી નીકળે આપણા ગામની આરોગ્યતા જાળવવા માટે તે બધા ખાડા જેમ બને તેમ તાકીદે પુરાવી નંખાવવા બંદોબસ્ત કરશો, એવી હું આશા રાખું છું.

મુખી—હવાલદાર, વારાવાળા મજુરો પાસે તે ખાડા કાલે ને કાલે પુરાવી નંખાવજો ઢીલ થશે તો તેના જોખમદાર તમને ગણવામાં આવશે.

તપેદાર—મુખી, આ ભરણાંના રૂપીઆ લઈ હવાલદાર તો આવતી કાલે તાલુકે જવાના છે. વળી મહેરબાન મામલતદાર સાહેબનો એક જરૂરી કાગળ પણ છે. જેથી તેને ત્યાં ગયા વગર ચાલે તેમ નથી. એટલે તમે તે કામ કાલે ને કાલે તો શી રીતે કરાવી શકશો ?

ચંપકલાલ—તપેદાર સાહેબ જો એમ છે તો તે કામ ભલે પરમ દિવસે કરાવશો. તો પણ હરકત નથી. ઠીક સાહેબ, લ્યો હું હવે રજા લઈશ (જાય છે.)

(રસ્તામાં ટપાલવાળો તેને મળે છે.)

ટપાલવાળો—ચંપકલાલ, શેઠ લ્યો, આ તમારા કાગળ, વળી આજે પોસ્ટ ઓફિસમાં તમારું સવાસો

રૂપીઆનું મનીઓરડર આવ્યું છે. તેનાં નાણાં લઇ જવા. તેમજ તમારા ગામમાં ટપાલ વખતસર મળે છે કે નહિં તે બાબત પૂછવા મહેરબાન પોસ્ટ માસ્તર સાહેબે, આપને તાલુકે બોલાવ્યા છે.

ચંપકલાલ—વારૂ, ટપાલી, હું આવતી કાલે જરૂર તાલુકે જઇશ. (ચાલવા માંડે છે.)

(રસ્તામાં તેને નિશાળના મહેતાજી મળે છે.)

મહેતાજી—કેમ, ચંપકલાલ શેઠ, નવલ હમણાં હમણાં બહુ ગેરહાજર રહે છે ? તે ઘણા દહાડા ગેરહાજર રહે એ ઠીક નહિ. જુઓ છો ને, પરીક્ષાનો વખત હવે બહુ પાસે આવતો જાય છે.

ચંપકલાલ—માસ્તર સાહેબ નવલ હમણાં ઘણું ખરૂં બિમાર રહે છે. તાલુકાના મહેરબાન ડાકતર સાહેબ દર સોમવારે આપણા ગામમાં આવે છે. તેઓ તેને તપાસે છે. અને દવા પણ આપે છે, તેઓ એમ કહેતા હતા કે તેને થોડા દહાડામાં સારૂં થઇ જશે. તે સારો થશે કે તરત નિશાળે મોકલીશ. વારૂ રામરામ.

એક બાળક—વાહ વાહ આજે બહુ મઝા પડી, ચાલો, હવે આપણે આપણી નવી રમતનું ગીત ગાઇ છૂટા પડીએ.

(ભરત ભૂમિના વીર બાળકનું.) રાગ.

બધા—સ્નેહ ધરી સૌ મળી, પરસ્પર હરશું, ફરશું રે
રમતાં, રમતાં, સુંદર શિક્ષણ લે શું દેશું રે.

તપેદાર—અમલદાર તપ્પાનો મુજને તપેદાર કહે છે,
અમલ ચલાવું, અદલ ન્યાયથી સૌ રાજી રહે

મુખી—નાનાં ગામોનાં સૌ કામો, હરદમ હું કરતો,
મુખી ગણાઈ નામે મોટો, રૈયત સાચવતો.

મહેતાજી—સંભાળી સૌ બાળકને, હું ભણાવતો પ્રીતે,
'મહેતાજી' પદવીને સાચવતો રૂડી રીતે.

ખેડુત—કરી, મજુરી પુરે પુરી સંતોષે ફરતો,
ખેડ કરી, સુખીયો રહેતો, જગનું પોષણ હા કરતે

બધા—અમલદાર રૈયત બન્ને જ્યાં, હળી મળી રે' છે
ખુશી થઈને પ્રભુ સર્વને સુખ સાધન દે છે;
બ્રિટિશ રાજ શિરતાજ પ્રભુજી સદાય શોભાવો
રાજ્ય ભક્તિ કરી બાળ સર્વનાં અંતર રીઝાવો

૬૩૫

ચાર સહીઅરોની વાતચીત.

(કન્યા કેળવણી.)

કુસુમ—બ્હેનો. આવો આજે આપણે સરખે સરખી સહીઅરો મળીને સારી સારી વાતો કરીએ. પ્રથમ હું જ વાત શરૂ કરીશ, વારૂ કાન્તા બ્હેન! ભલા તને કીયું કામ કરવું બહુજ ગમે ?

કાન્તા—બ્હેન, આપણે તો સાદાં ને ભોળાં! એટલે આ ને તે એવું એવું કંઇ ન સમજીએ. રાંધવું, સીંધવું, પાણી ભરવું, ઘરને વાળી ઝાડી સાફ રાખવું અને જો વખત મળે તો દેવ દર્શને જવું. એવાં કામોમાં મને તો ઠીક મઝા પડે છે.

કુસુમ—ઘરના કામ કાજમાં પાવરધા થવું એ તો આપણી સૌ બ્હેનોનો ધર્મ છે. એ કામોમાં તું હોંસ અને આનંદ ધરાવે છે તે જાણી હું બહુ રાજી થાઉંછું. પણ બ્હેન કહે જોઇએ. તને ભણવું ગમે છે કે કેમ ?

કાન્તા—બ્હેન જવા દો. એ વાતને! ખરૂં પુછો તો મારે

ક્હેવું જોઇએ કે બૈરાંની જાતને વળી ભણુવાની તે શી જરૂર પડી છે ? આપણે ભણીને શું નોકરી ચાકરી માંડવી છે ? ઘર કામ છોડી એ પંચાતમાં શા માટે પડવું ? ઘણુંય સુધરેલાંના ભવાઠા સાંભળીને કાનમાં કીડા પડે છે, મને તો લાગે છે કે આપણી જાતને તો "ભલું ઘર અને ભલાં ઘરનાં કામ."

પિરોજબાઈ—નવાઇ રે મારી બાઇ ! આવા વિચાર તો હું આજેજ સાંભળું છું. દીલગીરીની વાત છે કે આજના સુધરેલા જમાનામાં પણુ તારા જેવા વ્હેમીલા વિચારોવાળી મારી બ્હેનો રહેલી છે. કાન્તા જો તું ખોટુ ન લગાડે તો હું તારા મનનું સમાધાન કરવા માગું છું.

કુસુમ—પીલાં ! એમાં કાન્તાને દુ:ખ લાગવાનું કંઇ છેજ નહિ. બેનપણીઓને સાચી વાતોથી વાકેફ કરવી એ આપણી ફરજ છે.

પિરોજબાઈ—કાન્તા બ્હેન, વિદ્યા ભણુવાના ફાયદા વિષે હું પ્રથમ તો તારી પેઠે અજાણુ હતી. પણુ મારાં માયજી તરફથી મને બહુ બહુ શીખવાનું મળ્યું અને ભણુતરનો લાભ હું સમજતાં શીખી. મમ્માં

કહે છે કે ભણતરથી ઘરનો હિસાબ રાખતાં આ-
વડે. નવું નવું વાંચવાથી દુનિયાના રીત રિવાજોની
ખબર મળે અને આપણા રિવાજોમાં યોગ્ય સુધારો
કરવાનું બની શકે વળી કોઈવાર આપણે ચિંતામાં
હોઈએ તે વખતે એકાદ રમુજી પુસ્તક હાથમાં
લઈએ કે જોઈ લ્યો, મઝા ! આપણાં મુખડાંપર
એકદમ આનંદ છવાઈ રહે છે. કહો કુસુમ બ્હેન,
આમાં કંઈ ખોટું છે ?

કુસુમ--કાન્તા બ્હેન, પીલાંની વાત અક્ષરે અક્ષર સાચી
છે તારે બરાબર સમજવાની છે. આપણા કરતાં
તેની પારસી કોમની કન્યાઓ ભણવામાં બહુજ
આગળ વધેલી છે. અને તેના અનંત લાભો તેઓ
મેળવે છે તે હવે પછી કહીશ. પ્રથમ તો આપણી
કેટલીક બ્હેનોની અજ્ઞાનતા વિષે થોડું કહીશ. બ્હેન
આપણામાં ઘણીએક ભોળી અને અભણ બ્હેનો છે
કે જેને એક પૈસાની પાઈઓ કેટલી આવે, તેની
પણ ખબર હોતી નથી. તો પછી તે બિચારી
લુચ્ચા માણસોથી ઠગાય એમાં શી નવાઈ, વળી
સાંભળ ઓખામંડળની આજુબાજુના કેટલાક
ભાગની ગામડીઆ બ્હેનોએ કોઈવાર આગગાડી
જોઈ પણ નથી. જો તેઓ કયારેય પણ આગગા-

ડીને દેખે કે તરત દેવમાની ને તેને પગે લાગે છે. બ્હેન જો ભણ્યા હોઇએ તો આટલાં બધાં અજ્ઞાન રહીએ કે !

કાન્તા—એ બધી વાતો છે તો ઠીક. પણ આપણી મુસલમાન બેનોમાં પણ ભણતર ગણતર અને સુધારાનો બહુ રિવાજ નથી. તો તેથી તેને શું નુકશાન થાય છે !

સકીનાબાઈ—ઠીક છે. કાન્તા બેને મને પણ બોલવાનો વખત આપ્યો તેથી હું રાજી થાઉંછું. બ્હેન ન ભણવામાં નુકશાન કેમ નહિ ? સાંભળ આપણી બે કોમો અને પારસી કોમોની બ્હેનો વચ્ચે સરખામણી કરો. પારસી બ્હેનોનો હુન્નર તેના ઘરોની સફાઇ, તેનાં બાળકોની સુઘડતા વગેરે વગેરે તું જોશે અને જાણશે એટલે છક થઇ જશે. પછી તને ખાત્રી થશે કે ભણવામાં શો લાભ છે અમારી કોમમાં પણ હવે વિદ્યા ભણાવવાની શરૂઆત થઇ ચુકી છે હું અત્યારે જે કંઇ બોલી શકું છું તે સઘળો વિદ્યાનોજ પ્રતાપ.

પિરોજબાઈ—બ્હેનો, હુન્નર ઉદ્યોગમાં અમારી પારસી બાનુઓ શ્રેષ્ટ ગણાય છે શિવણ કામ, ભરતકામ,

ગુંથણકામ, ચિત્રકળા અને સંગીતકળા એ તો અમારાંજ કહેવાય છે, હું હિમ્મતથી કહી શકું છું કે આ બધુ અમે કેળવણીના પ્રતાપેજ મેળવ્યું છે મારે કાન્તા બ્હેનને ખાસ કહેવું જોઇએ કે કોઇ માં કંઈ દોષ હોય તેમાં આપણે શું ? ભણીને સુધરેલી મડમડી બનવું જેને ગમતું હોય તે તેને ભલે મુબારક હો. આપણે એવાં સામું જોવાનું નથી તેમ ભણતરને "હાઉ" માનીને દૂર પણ ભાગવાનું નથી.

કુસુમ—બ્હેનો, જે નવું નવું શીખવા માગે છે તેને ઇશ્વર અવશ્ય સ્હાય કરે છે. પારસી બ્હેનો પ્રથમ શીખ્યાં હવે આપણો વારો આવ્યો છે. આપણામાંથી ઘણી ખરી બ્હેનો હવે ઘર ગતુ હુન્નર શીખવા લાગી છે તે જાણી આનંદ થાય છે પારસી બ્હેનો જોડ એટલીએ હરિફાઈ ચાલુ થશે તો આપણે તે બધા હુન્નરોને આપણાજ કરી શકીશું, એવી મને ચોક્કસ ખાત્રી છે. બ્હેન કાન્તા આટલી વાતચીતપરથી હવે તારૂં મન શું કહે છે !

કાન્તા—બ્હેનો. આજે તમો ત્રણે બ્હેનો પાસેથી નવું નવું જાણી મારૂં મન આનંદી બન્યું છે હવે મારા વિચારો બદલાયા છે, હવેથી જરૂર હું કંઇને કંઈ

જોવા જાણવા તરફ ધ્યાન આપતી રહીશ; લખવા વાંચવાની શરૂઆત તો આજથીજ કરીશ.

કુસુમ—મારી વહાલી બ્હેન તું હવે જરૂર નવું નવું જોશે ને જાણશે. હવે આપણામાં નવો યુગ ચાલુ થઈ ચુકયો છે દર વરસે કેળવણી લેનારી આપણી બ્હેનોની સંખ્યામાં વધારો થતો જાય છે. સ્વ. જમનાબાઈ સક્કાઇ અ. સૌ કસ્તુરબાઇ ગાંધી. શ્રીમતી દેવી સરોજીની નેડુ વગેરે વગેરે અનેક બ્હેનો પોતાના સત્ચરિત્રોના દાખલા આપી ચુકી છે અને હજીયે ભવિષ્યમાં આપણને એવું એવું ઘણું શીખવાનું મળી શકશે. કાન્તા, આજની આપણી વાતચીતપરથી તારા હૃદયમાં કંઇક પણ નવું ઉમેરાયું તેથી અમારા હર્ષનો પાર રહ્યો નથી. આવ બ્હેન આવ. તારી સખીઓ તને વ્હાલથી ભેટે.

કાન્તા—આવો આવો. આજે મને વિદ્યાની ખરી ખુબી સમજાવનારી મારી સહીઅરોને હુંજ ઉપકાર સાથે પ્રથમ ભેટું અને કૃતાર્થ થાઉ. "ભેટ અને આનંદ'

" મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા "

સિદ્ધાર્થકુમાર અને સારથી.

સિદ્ધાર્થ—સારથી, ચાલો, આજે આપણે નગરના પાછલા ભાગમાં ફરવા જઇએ. આજે મને ચેન પડતું નથી. એટલે કંઇને કંઈ નવું જોવાશે ને આનંદ લેવાશે.

સારથી—કુમાર, લાચાર છું. તે રસ્તે હું આપને નહિં લઈ જઇશ. તે ભાગમાં કંઈ શોભાવાળું કે જોવા જેવું છે નહિ. માટે ચાલો, આજે તો કૈલાસ બાગમાં જઇએ. ત્યાં આપને જરૂર શાંતિ મળશે.

સિદ્ધાર્થ—સારથી, મારી ઇચ્છાને માન આપવું એ તારો ધર્મ છે. ચાલ, વહેલો થા.

સારથી—માલિકની આજ્ઞા શિરપર ચઢાવું છું. માત્ર વિનતિ એટલીજ છે કે શહેરમાં જે કંઈ તમે જુઓ તે બાબત ઉંડા વિચાર ન લાવતા.

સિદ્ધાર્થ—ઠીક છે. (બંને થોડે દૂર જાય છે. તેવામાં—ચેપી રોગથી પીડાતો માણુસ બૂમો પાડતો જણાય છે.)

સિદ્ધાર્થ—સારથી, સારથી! જો જો! પેલો માણુસ બૂમો શા માટે પાડે છે? ચાલ, આપણે તેની પાસે જઇએ!

સારથી—ના, રે ના. કુમાર ! આપણાથી ત્યાં ન જવાય. તે માણુસને મહાન ચેપી રોગ થયો છે. જો આપણે તેની પાસે જઇએ, તો તે રોગ આપણને ચોંટે. તે તો રોગની વેદનાથી રાડો પાડે એમાં આપણે શુ કરીએ ?

સિદ્ધાર્થ—સારથી, આવો દેખાવ તો તું મને માત્ર આજેજ બતાવે છે. માણુસને આવા રોગો હોય છે. તેનું મને અત્યારેજ ભાન થાય છે. ભાઇ, શું આવા રોગો મટાડવાનો ઈલાજ નજ હોય ? સારથી, સારથી ! હું હવે તેના ઉપાયો જરુર શોધીશ. દુઃખીની વહારે ધાઇશ. ચાલ. ભાઈ ચાલ. મારું મન વધારે ને વધારે મુંઝાય છે.

સારથી—પ્રિય કુમાર સાહેબ, મેં આપને પહેલેથી વિનવ્યા છે કે આપ કોઈ બાબતની ચિંતા ન લાવતા. આપે કબુલ પણ કરેલું છે. છતાં આમ કાં કરો ?

સિદ્ધાર્થ—મિત્ર; એ તો સહેજ વિચાર આવે તે કેમ રોકાય ? ચાલો આપણે આગળ જઇએ. (જાય છે)

(બંનેની સામે એક ઘરડો ડોસો આવતો નજરે પડે છે.)

સિદ્ધાર્થ—ભાઇ, ભાઇ ! જો, જો ! વળી આ બીજું કૌતક ? પેલો માણુસ વાંકો વળીને શા માટે ચાલે છે ?

શું તેનાથી હાથમાં પેલી ડાંગ રાખ્યા વગર નહિજ ચલાતું હોય? આપણામાં ને એનામ તો બહુ તફાવત જણાય છે. તેના મોઢા ઉપર કરચલીઓ પડેલી છે. મોંમાં દાંતનું નિશાન પણ નથી. વાળ પણ સફેદ રંગના છે. સારથી! ખરે, આ તો નવી નવાઇ!

સારથી—કુમાર, વળી વિચારમાં પડયા કે? એ તો ઘરડો ડોસો છે. મરવાની અણીપર આવેલો છે. હવે તેની એ હાલત હોય એમાં શી નવાઇ!

સિદ્ધાર્થ—ભાઈ! આવું ઘડપણ મને અને તને સૌને આવે. એ તો નક્કીજને? તે વખતે આપણી પણ આવી હાલત કેમ નહિ હોય?

સારથી—કુમાર, એમાં ચિંતા શાની! માણસ માત્રપર એમજ થતું આવે છે. ઉલટું આવી હાલત જોઇને આપણે સારાં કામો કરતા રહીએ. એવી શિખામણ મળી શકે છે.

સિદ્ધાર્થ—ઠીક, ભાઈ ઠીક. આ બજાર તો ખરેખર અદ્ભુત જણાય છે. આજે હું પણ ઠીક જોઇ શકું છું. ચાલ ભાઈ, આપણે આપણા રસ્તે પડીયે.

(જાય છે.)

(થોડે દૂર ટાઢથી દુઃખી થઇ મરણુ પામતો માણુસ નજરે પડે છે.)

સિદ્ધાર્થ—આ શું. સારથી, જો તો ખરો ? આ માણુસનું શરીર શા માટે ખેંચાય છે. એને શું દુઃખ થાય છે. ભાઇ મને તે જલ્દી સમજાવ ?

સારથી—સિદ્ધાર્થકુમાર, ભલા, રસ્તામાં એવાં તો ઘણુંય લફરાં મળશે. એ બધાંની આપણે શી ચિંતા ! એ તો કોઈ ભિખારી જેવો જણાય છે. અતિશય ટાઢથી તેનું શરીર સાવ ઠંડુ પડી ગયું છે. હવે તો તે મરવાની છેલ્લી ઘડીપર છે. માટે ચાલો, આપણે આગળ જઇએ.

સિદ્ધાર્થ—સારથી ! તે બિચારો ટાઢને લીધે આ હાલતમાં આવી પડે. અને જોનારાં માત્ર જોયાંજ કરે. ખરેખર, નિર્દયતાની હદજ આવી રહી. અહીંનો સંસાર મને તો મતલબી જણાય છે. પારકાંનું દુઃખ તો કોઈ જોતુંજ નથી. સારથી ! જો તો ખરો; હવે તો તે હાલતો ચાલતો તદ્દન બંધ પડી ગયો.

સારથી—કુમાર, જુઓ, હવે તે મરણુ પામ્યો.

સિદ્ધાર્થ—સારથી! કહેને ભાઈ, મને પણ એક વખત આવું મરણ તો આવવાનું જ ને?

સારથી—કુમાર સાહેબ, નકામી ચિંતામાં શા માટે પડો છો? કુદરતને આપણે કોઇ શી રીતે અટકાવી શકીએ?

સિદ્ધાર્થ—મારા વહાલા મિત્ર, આજે તેં મને અલૌકિક દુનિયા બતાવી. ખરેખર હું તારો આભારી છું. ભાઇ? હવેથી હું દુઃખ, શોક, વૃદ્ધાવસ્થા અને મરણમાંથી છુટવાના ઈલાજો શોધીશ.

જગતનાં પ્રાણી માત્ર એકજ પિતાનો પરિવાર છે. એ બતાવીશ. એક બીજા તરફ માયા બતાવવા બોધ આપીશ. આખી દુનિયાને સદુપદેશ કરતો રહીશ કે પ્રાણી માત્રપર દયા રાખો! નાના મોટાનો ભેદ તોડી નાખો! સર્વેપર મીઠી નજરથી જુઓ! અસ્તુ (જાય છે)

બે બહેનો.

(સ્વદેશ પ્રેમ)

સૂર્યદેવી—બ્હેન, તને ખબર છે ના ? પિતાજી કાલે સવારમાં લડાઇના મેદાનમાં જાય છે ? મારા વિચાર પ્રમાણે તો આપણે પણ પિતાજીની સેવામાં સાથેજ જવું જોઇએ.

પરિમલદેવી—મોટી બ્હેન, તમારૂં કહેવું બરાબર છે. આપણે ધારીએ તો રણમાં પણ પિતાજીની તેમજ આપણી માતૃભૂમિની ઉત્તમોત્તમ સેવા બજાવી શકીએ; પરંતુ પિતાજી આપણને પોતાની સાથે તેડી જશે ખરા ?

સૂર્યદેવી—આપણે હજી બાળક છીએ. લડાઇ કેમ કરવી તે બીલકુલ જાણતાં નથી માટે આનાકાની તો કરશેજ.

પરિમલદેવી—બ્હેન, આપણે લડી શકીએ નહિ તે ભલે. પણ પિતાજી આપણને ઘાયલ થએલા સૈનિકોની સારવાર નિમિત્તે પણ લઇ જવાની ના કહેશે ?

સૂર્યદેવી—પ્રભાતમાં લશ્કર કુચ કરનાર છે માટે આપણે વહેલાં ઉઠી પિતાજીને વિનતિ કરશું. અત્યારે તો પિતાજી પણ જરા આરામમાં હશે. કારણ કે રાત ઘણી ગઇ છે.

પરિમલદેવી—વિનતિ કરશું ને સાથે આગ્રહ પણ કરશું એટલે પિતાજી જરૂર આપણી ઇચ્છા પાર પાડશે.

આ પ્રમાણે વાતચીત કરતી કરતી બંને બ્હેનો પથારીમાં નિદ્રાવશ થઈ ગઇ.

૨

મોટે પરોઢીએ રાજા યુદ્ધવેશ ધારણ કરી પોતાની પુત્રીઓને મળવા આવ્યો. બન્ને પુત્રીઓએ પિતાને વંદન કર્યું. પછી રાજા પુત્રીઓને આશીર્વાદ આપતા નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

રાજા—બ્હેનો, હું આજ મોટા લશ્કર સાથે યવનસેના સામે જાઉં છું.

પરિમલદેવી—હા બાપુ. અમે ગઇ રાતેજ તે સાંભળ્યું છે. પણ આપે અમારા માટે શું વ્યવસ્થા કરી છે?

રાજા—તમારે અહીં તમારી માતાઓ પાસે રહેવું. કુમાર પુષ્પસિંહ તમારૂં રક્ષણ કરશે.

પરિમલદેવી—નહિ પિતાજી અમે તો તમારી સાથેજ આવશું, ને તમને મદદ કરશું.

રાજા—(સ્મિત કરી) પુત્રીઓ, રણક્ષેત્રમાં તમે મને શું મદદ કરી શકશો ? તમારાં કોમળ શરીરને ત્યાં બહુ દુઃખ થશે. માટે તમારે તો અહીંઆંજ રહેવું.

સૂર્યદેવી—બાપુ, અમને નિરાશ કરશો માં. આવો યુદ્ધ જોવાનો ને દેશસેવા કરવાનો વખત અમને ફરી ક્યારે મળશે ?

રાજા—પુત્રીઓ, તમે જાણો છો કે આવે વખતે તમને સાથે લઇ જવામાં અમારે માથે ઉલટો તમારાં રક્ષણનો બોજો વધે છે, ને તેથી તેટલે અંશે અમે કર્તવ્યથી વિમુખ થઇએ છીએ. યુદ્ધ ચાલતું હોય, તે વખતે હું તમારી ક્યાં સંભાળ રાખવા બેસું ? માટે તમારે સમજીને અહીંઆંજ રહેવું એ મને મદદ કરવા કરતાં હું વધારે લાભકારક સમજું છું.

પરિમલદેવી—પિતાજી, જે ભૂમિએ અમને જન્મ આપ્યો, પાળીપોષી મોટાં કર્યાં, જેની મહત્તા માટે સ્વર્ગના દેવો પણ હરનિશ પ્રશંસા કરે છે અને જેને માટે અત્યારે અનેક શુરવીરો પોતાના પ્રાણ આપવાને તત્પર થઇ રહ્યા છે તે ભૂમિની સેવા તો શું પણ

તેની સેવામાં પ્રાણુર્પણ કરનારની સેવાનો એ અમને લાભ નહિ આપો ? અમારા રક્ષણનો બોજો અમે કોઇનાપર રાખવા માગતાં નથી (કટાર કાઢી) આ નાની કટાર અમારા રક્ષણ માટે પૂરતિ છે. સિંધની શુરવીર રાજકન્યાઓ પોતાના રક્ષણ માટે કદીપણ કોઇનો આશ્રય લેનાર નથી.

રાજા—(પુત્રીના વીર ભાષણથી હર્ષિત થઇ) જો દેશની સેવા કરવા માટે તમે આટલી બધી ઉત્સુક છો તો હું તમને ના કહી શકતો નથી. પરંતુ તેમ કરવાને તમારી માતાઓ તમને રજા આપશે કે? તેઓ તમને વીલી મુકવાનું કોઇ રીતે કબુલ કરશે નહિ.

સૂર્યદેવ—એ શું કહો છો પિતાજી ? તમને ને મોટાભાઇ જયસિંહને કાળના મોઢામાં જવા દેવાનું ધૈર્ય દર્શાવનાર રાજવંશી વીરનારીઓ શું સ્વદેશની સેવા માટે અમારા પરની મમતાનો ત્યાગ નહિ કરી શકે ? પિતાજી, તેમની આજ્ઞા અમે હરકોઇ રીતે મેળવીશું અમને માત્ર આપની આજ્ઞાનીજ જરૂર હતી

રાજા—બેટા, વખત થઇ ગયો છે ને લશ્કર તૈયાર થઇ મારી વાટ જોતું ઉભુ છે માટે હું તો હવે જાઉં

છું તમે આવતી કાલે તમારી માતાઓ રજા આપે તો પચાસ ચુનંદા સવારો સાથે લઇ કોઇને જાણવામાં ન આવે તેવી રીતે નીકળજો ને છાવણીમાં મને ગુપ્ત રીતે આવી મળજો પણ જોજો આપણા સૈન્યમાં એ તમારા આવ્યાની કોઇને ખબર પડવી ન જોઇએ.

બંને વીર કન્યાઓ રાજાની આજ્ઞા મળવાથી અત્યંત હર્ષ પામી રાણીઓની તો તેમણે પહેલેથીજ અનુમતિ મેળવી લીધી હતી એટલે રણમાં સીધાવવાની તૈયારીઓ કરવામાં ગુંથાઈ.

બાળકો, આ બંને દેશ સેવા માટે લડાઇમાં જનાર બાળાઓને તમે ઓળખી? શું આટલી વાતચીત ઉપરથી પણ તમે તેને ઓળખી નહિ શકો? તમે જાણતા હશો કે આજથી લગભગ બારસેં વરસ ઉપર સિંધમાં દાહર નામે રાજા રાજ્ય કરતો હતો તેને બે રાણીઓ હતી પહેલી લાડીરાણી ને બીજી બાઈરાણી તેમાં પહેલી માત્ર નામનીજ રાણી હતી, બીજી રાણીને બે કુંવર ને બે કુંવરીઓ હતી. તેમનાં નામ ઉપરની વાતમાંથી જાણ્યા હશે.

આ રાજાના વખતમાં મુસલમાની ધર્મ પાળનાર બગદાદના ખલીફાએ પોતાના સરદાર મહમદ બીન કાસમને

સિંધ જીતી લેવા તથા મુસલમાની ધર્મ ફેલાવવા મોટા લશ્કર સાથે મોકલ્યો હતો આપણી વાતની શરૂઆતમાં લડાઈની તૈયારી કરતો રાજા દાહરજ હતો.

દરેક ધર્મના લોકોને પોતાના ધર્મનું ઘણું માન હોય છે એટલે ધર્મના રક્ષણ માટે દરેક માણસ પોતાના જીવની પણ દરકાર કરતા નથી આ પ્રમાણે પોતાના દેશના ને સ્વધર્મના રક્ષણ માટે દરેક માણસે આ દારૂણ યુદ્ધમાં ભાગ લીધો હતો.

ઉપરના કારણથી દાહર રાજાની કુંવરીઓએ પણ લડાઇમાં જવાનો પોતાના મન સાથે નિશ્ચય કરી રાખ્યો હતો તે વખતે પુરૂષો અને સ્ત્રીઓ પોતાના ધર્મથી વટલાઇ શત્રુના હાથમાં સપડાવા કરતાં મરવું વધારે પસંદ કરતાં,

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह

' પોતાનો ધર્મ પાળવામાં મરણ પણ અન્યધર્મથી વધારે શ્રેષ્ટ છે.

આ મહાત્મા શ્રીકૃષ્ણના વાક્યનું તે વખતે બરાબર પાલન થતું હતું. હજી પણ ધર્મ ચુસ્ત લોકો પોતાનો ધર્મ ખોવા કરતાં મરણને વધારે પસંદ કરે છે.

વરસાદ કેમ પડે છે!

આકાશ કાળાં વાદળાંઓથી છવાઈ રહ્યું છે. સૂર્યનો પ્રકાશ બીલકુલ નહિ આવી શકવાથી બધે અંધારૂં અંધારૂં થઈ રહ્યું છે. ઠંડો પવન આવે છે. અને બાળકોના "આવરે વરસાદ" ના પોકારો જ્યાં ત્યાં સંભળાઈ રહ્યા છે. એવામાં જાણે બાળકોનું આમંત્રણ સ્વીકારવાને તૈયાર થઈ રહ્યા હોય, તેમ મેઘરાજા પૂર જોસથી પધાર્યા. મોટાં મોટાં ફોરાં ઝાડપર, છાપરા પર, અને જમીનપર પડવા લાગ્યાં. થોડી વારમાંજ રેલમરેલા થઈ રહી, બાળકો માની સોડમાં ભરાઈ બેઠાં. અને ચોમાસાનો આનંદ લેતાં લેતાં કાંઇ કાંઇ વાતો કરવા લાગ્યાં. આવો બન્ધુઓ ! આપણો બાળ મિત્ર રમણ આ વખતે પોતાની મા સાથે શી વાતો કરે છે તે આપણે સાંભળીએ.

બા.—ભાઇ રમણ ! આજતો શરદીનો દિવસ છે. માટે લે, હું સગડી સળગાવું. તારા બાપા પણ હમણાજ ઘેર આવશે. માટે જા, તું ચા દાનીમાં ત્રણ પ્યાલા પાણી લઈ આવ. સગડીપર ચાનું પાણી મૂકી દઉં.

બાએ સગડી સળગાવી, રમણ ચા દાનીમાં પાણી લઇ આવ્યો. અને સળગતી સગડીપર મૂકી. બાએ તેમાં ત્રણ ચમચા સાકર નાખી અને મા દીકરો સગડીની બાજુમાંજ બેઠાં રમણ વાતે વળગ્યો.

રમણઃ—બા, આ વરસાદ ક્યાંથી આવે છે ?

બાઃ—વાદળામાંથી.

રમણઃ—બા, વાદળામાં આટલું બધું પાણી ક્યાંથી ભરાતું હશે ?

બાઃ—દરિયામાંથી.

રમણઃ—ખોટી વાત દરિયાનું પાણી ખારૂં હોય, અને વરસાદનું પાણી તો મીઠું હોય છે. બા, તમે મને ખોટું ખોટું કહો છો. જાઓ હું તમારી સાથે વાતો નહિ કરૂં.

બાઃ—ભાઇ હું ખરેખરૂંજ કહું છું. દરિયાના પાણીમાંથીજ ઘણાં વાદળાં ભરાય છે.

રમણઃ—બા એમાં તો હું કાંઇ સમજતો નથી. દરિયાનું પાણી વાદળામાં જાય કેવી રીતે ? દરિયો તો આપણા ઘરથી પણ નીચો છે. અને વાદળાં તો ઉંચે આકાશમાં છે.

બા:—જો ભાઇ, એ વાત હું તને હમણાજ સમજાવું છું.
જો તું આ ચા દાનીમાં કેટલું પાણી લાવ્યો છે?

રમણ:—તમારા કહેવા પ્રમાણે ત્રણ પ્યાલા ભરીને લાવ્યો છું.

બા:—હવે થોડી વાર તું આ નાળચાની સામે જોઇ રહે, જો આ શું થવા લાગ્યું?

રમણ:—આ નાળચામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા.

બા:—ભાઈ, એ ધુમાડો નથી, પણ વરાળ છે. હવે હું આ ઢાંકણું ઉઘાડું છું. જો માંહે શું થાય છે?

રમણ:—બા, આ પાણી તો ઉછાળા મારે છે.

બા:—એ પાણી શાથી ઉકળે છે?

રમણ:—સળગતા કોલસાની ગરમી લાગવાથી.

બા:—વારૂ આજ પ્રમાણે અરધા કલાક સુધી પાણીને ઉકળવા દઈએ તો શું થાય?

રમણ:—પાણી ઘણું ઓછું થઇ જાય.

બા:—એ શાથી ઓછું થઇ જાય?

રમણ:—પાણી બળી જાય છે તેથી.

બા:—આ કોલસા બળી રહ્યા પછી નીચે શું પડયું રહે છે?

રમણ:—રાખ પડી રહે છે.

બા:—ત્યારે જો પાણી બળી જાય, તો તેની રાખ પડે કે નહિ ?

રમણ:—આમાં તો હું કાંઈ સમજતો નથી. પાણીની રાખ શાની ?

બા:—વારૂ, આ નાળચામાંથી શું નીકળે છે તે કહે જોઉં.

રમણ:—એ તો વરાળ છે.

બા:—ત્યારે જો ભાઇ પાણી બળી જાય, તેથી રાખ થતી નથી પણ વરાળ થાય છે. તે વરાળ બહુ હલકી હોય છે. તેથી તે ઉંચે આકાશમાં ચડી જાય છે.

રમણ:—વરાળ આકાશમાં શા માટે ચડે ?

બા:—તારો પતંગ હવામાં ઉંચે કેમ ચડે છે ?

રમણ:—તે પાતળા કાગળનો છે. માટે ઉંચે ચડે છે. બા, પેલા ચંદુનો પતંગ જાડા કાગળનો છે તેથી જરાય ઉંચે ઉડી શકતો નથી.

બા:—જાડા કાગળનો પતંગ કેમ ઉંચે ઉડી શકતો નહિ હોય?

રમણ:—તે ભારે હોય છે માટે.

બા:—પાતળા કાગળનો પતંગ શા માટે ઉંચે ચડે છે ?

રમણ:—તે હલકો હોય છે માટે.

બા:—ત્યારે હવે યાદ રાખ. કે જે હલકું હોય, તે હવામાં ઉંચે ચડી શકે છે. હવે તુંજ કહે. વરાળ શા માટે ઉંચે ચડી શકે છે ?

રમણ:— તે હલકી છે માટે.

બા:—વારૂ આપણે એક મહીના પહેલાં માથેરાન શા શાટે ગયા હતા ?

રમણ:—હવા ખાવા માટે.

બા:—કેમ મુંબઇમાં હવા નથી ?

રમણ:—માથેરાનમાં તો ઉંચા ઉંચા પર્વત પર રહેવાથી ટાઢી હવા મળે છે.

બા:—બરાબર છે. ભાઇ, આપણે જેમ જેમ ઉંચે ચડીએ છીએ તેમ તેમ વધારે ટાઢ વાય છે. કારણ કે ત્યાં ઘણી ઠંડી છે. વારૂ, આપણી વરાળ આકાશમાં ઉંચે જાય છે. તો તેને ટાઢ વાતી હશે કે નહિ ?

રમણ:—બા, વરાળમાં શું જીવ છે કે તેને ઢાઢ વાય ?

બા—ભાઈ વરાળમાં જીવ તો નથી પણ તેને ટાઢ વાયછે ખરી, વરાળ ઘણી ઉંચે જાય છે, માટે તેને ઘણી ઠંડી લાગે છે. તેથી ઠરીને તેનાં વાદળાં બની જાય છે.

રમણ:—ત્યારે શું આપણે જે વાદળાં જોઇએ છીએ તે ઠરી ગયેલી વરાળ હશે?

બા:—હા, ભાઇ. એ વાદળને પણ જ્યારે ખુબ ઠંડી લાગે છે, ત્યારે તેનું પાણી બની જાય છે. અને તે પાણી ભારે છે. તેથી આકાશમાં રહી શકે નહિ માટે નીચે પડે છે. તેને આપણે વરસાદ કહીએ છીએ.

બાની વાત સાંભળી રમણ વિચારમાં પડી ગયો. થોડી વાર રહીને તે બોલ્યો.

રમણ:—ત્યારે તો આ ચાદાનીનું પાણી વાદળામાં ભરાય છે તે સાચું અને તમો દરિયાના પાણીનું કહો છો તેતો ખોટુંજ.

બા:—ના ભાઇ ના. તે ખોટું નથી તને ઉનાળાના દિવસોમાં કેટલી ગરમી લાગે છે?

રમણ:—ઓહો! ને ગરમીની તો વાતજ છોડો. આ ઉનાળામાં એક દિવસે બપોરે હું કાકા સાથે સ્ટેશન-પર ગયો હતો ત્યારે હુંતો એ ગરમીથી બહુ કંટાળી ગયો હતો.

બા:—ભાઇ, એ ગરમી ક્યાંથી આવે છે?

રમણ:—સુરજમાંથી.

બા:—સુરજની ગરમી દરિયાના પાણી પર લાગતી હશે કે કેમ ?

રમણ:—કેમ ન લાગે બા ! દરિયાપર કાંઈ છાંયો રહેતો નથી.

બા:—જો ત્યારે હવે જરા વિચાર કર. આ ચા દાનીને તો માત્ર આ કોલસાનીજ ગરમી લાગે છે. તોપણ તેમાંથી આટલી બધી વરાળ થાય છે, ત્યારે જે દરિયાના પાણીપર હમેશાં સુરજની સખત ગરમી પડે છે, તેમાંથી હમેશાં કેટલી વરાળ થતી હશે ?

રમણ:—હા, બા. હવે મારા સમજવામાં આવ્યું કે સુરજના તાપથી દરિયાના પાણીની વરાળ થાય છે. તે હલકી હોવાથી ઉંચે આકાશમાં ચડે છે. ત્યાં ઘણી ઠંડી લાગવાથી તે ઠરીને તેનાં વાદળાં બને છે. અને વાદળાંને ઘણી ઠંડી લાગવાથી પાણી બને છે. તે પાણી ભારે હોવાથી નીચે પડે છે. એજ આપણો વરસાદ. કેમ ખરૂં કે નહિ બા !

બા:—હા; ભાઈ. ત્યારે હવે કહે જોઉં વાદળાંમાં શેનું પાણી ભરાય છે ?

રમણ:—દરિયાનું. પણ બા, તે ખારૂં કેમ નથી ?

એવામાં બાની નજર ચાદાનીના નાળચા તરફ ગઈ.

બા:—રમણ જો તો, આ નાળચામાંથી વરાળ નીકળતી બંધ કેમ થઈ ગઇ?

રમણ:—ચાદાનીનું પાણી બળી ગયું હશે.

બા:—ત્યારે પેલી સાકરનું શું થયું હશે?

રમણ:—તે પણ વરાળ સાથે ઉડી ગઈ હશે.

બા:—જા સાણસી લાવ. આપણે ચાદાની નીચે ઉતારી જોઇએ તો ખરાં કે તે સાકરનું શું થયું?

રમણ સાણસી લાવ્યો. તેની બાએ ચાદાની નીચે ઉતારી, તેને થોડીવાર ઠરવા દીધી, પછી તેનું પેચવાળું ઢાંકણું ઉઘાડ્યું. રમણ ધારતો હતો કે સાકર વરાળ સાથે ઉડી ગઈ હશે પણ અંદર જોતાં તેની ખાત્રી થઇ કે સાકરનો ગઠ્ઠો ચાદાનીના તળીઆ સાથે ચોંટી રહેલો છે. હવે તેણે બાને પૂછ્યું. 'બા, આ સાકર વરાળ સાથે કેમ ઉડી ગઇ નહિ'?

બા:—ભાઇ વરાળ ચોકખા પાણીનીજ થાય છે. પાણીમાં સાકર ભળેલી હતી તે જેમ પડી રહી. તેમ મીઠું કે બીજી કાંઇ ચીજ ભળેલી હોય, તો તે પણ પડી રહે છે. વારૂ રમણ, દરિયાનું પાણી ખારૂં શા માટે હશે?

રમણ:—તેમાં ઘણો ખાર ભળેલો હોય છે. એમ મહેતાજી સાહેબ કહેતા હતા.

બા:—બરાબર છે. તેમાં ખાર ભળેલો હોય છે હવે તું કહે દરિયાના પાણીની વરાળ થાય ત્યારે તેમાં રહેલો ખાર વરાળ સાથે ઉડી જઇ શકે ?

રમણ:—ના બા.

બા:—ત્યારે વરસાદનું પાણી કેમ ખારૂં નથી, તે તુંજ કહે.

રમણ:—વરસાદ વરાળમાંથી વરસે છે, અને વરાળ ચોકખા પાણીનીજ થાય છે, માટે.

રમણની બાએ ચાદાનીમાં ફરી પાણી નાખી ચાય મુકી. રમણના બાપા આવ્યા, ચાય પીતાં પીતાં રમણે આજે શીખેલી બધી હકીકત પોતાના બાપને કહી સંભળાવી. કહો, બાળકો ! રમણ પોતાની બા પાસેથી કેવી મજાની હકીકત શીખ્યો ? તમે તમારી બા પાસેથી આવું આવું શીખવાની કોઇ વાર મહેનત કરો છો ? જો તમે તેમને પૂછશો, તો તેઓ તમને હંમેશાં નવું નવું શીખવશે !

કેવળ બાળકોની સેવા બજાવતી

બાળ મિત્ર માળા.

દર માસે સુંદર ચિત્રો આપીશે

વરસમાં ચાર વિવિધ પુસ્તકો આપશે.

દરેક માબાપને [illegible] બાળકોનાં હૃદય આબાદ કરે છે.

સાદી ભાષામાં બાળકોને ગમે તેવી નાની નાની વાતો શીખવે છે.

તેમ છતાં વાર્ષિક લવાજમ માત્ર ચાર આના. ટ. ખ. જુદું.

૧ લું પુસ્તક "બાળકોની સેવા" [illegible] નકલો [illegible] છે

૨ જું પુસ્તક "હિંદનાં બાળકો" તૈયાર છે.

૩ જું પુસ્તક "બાળ શિક્ષણ"

૪ થું પુસ્તક "નાની નાની વાતો"

૫ મું „ "બાળ સંવાદ"

૬ ઠું „ "બાળ પ્રવાસ" સં. ૧૯૮૫ની આખર સુધી પ્રકટ થશે

તા. ક. [illegible] પુસ્તકોની

સુંદરતા [illegible]

ગ્રાહક થાઓ ને [illegible]

વ્યવસ્થાપક,

બાળમિત્ર કાર્યાલય,

[illegible] ગુજરાતી.